વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૪૧ : અંક - ૨૪ ❋ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ❋ તંત્રી : નમ્રતા બાલી ❋ પ્રકાશન : ડિસેમ્બર-૨૨, ૨૦૨૩

# COP28 કે કોપાયમાન ૨૮ !

વાતાવરણમાં વારંવાર ધરખમ ફેરફાર આવે છે. ક્યાંક અતિશય બરફ પડે છે. ક્યાંક અતિશય વરસાદ. તો ક્યાંક માવઠું. ઉનાળો લાંબો ને લાંબો થતો જાય. અંગ્રેજીમાં કહે છે – ક્લાયમેંટ ચેન્જ/ વાતાવરણમાં બદલાવ. આ બધા કુદરતે સર્જેલા વાતાવરણમાં ફેરફાર ઓછા કરવા દુનિયા મથી રહી છે. સરકાર, વૈજ્ઞાનિકો, પર્યાવરણના હિમાયતીઓ મહેનત કરે છે. કુદરત રૂઠી છે. આપણા અતિરેકના લીધે જ તો! વધુ વિકાસ ! વધુ વપરાશ ! વધુ વધુ બધું. આ માટે સંયુક્ત રાષ્ટ્રે બેઠકો યોજવાની શરુ કરી– યુ.એન.એફ.સી.સી.સી.ના નેજા હેઠળ, જે કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ –'કોપ'થી પ્રખ્યાત છે. તે દર વર્ષે મળે છે. ૨૦૨૩ ના વર્ષની કોપ ૨૮ – દુબઈમાં યોજાઈ ગઈ. ૩૦ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર. દુનિયાભરમાંથી એક લાખથી વધુ લોકોએ ભાગ લીધો. લગભગ ૧૦ કિ.મી.થી પણ વિશાળ ફલકમાં પથરાયેલા દુબઈ એક્સ્પોમાં કોપ ૨૮ મળી. કોપ ૨૮ શરૂઆત એક નુકશાન અને નુકશાન ભંડોળ ઊભું કરવા સર્વ સંમતિ સધાઈ. વાતાવરણના ફેરફાર ઓછા કરવા દરેક દેશોએ મોટા ધરખમ ફેરફાર કરવા પડશે. આ ફેરફારો માટે દરેક દેશોએ પ્રતિબદ્ધતા આપી છે. આ ફેરફારો થાય ત્યાં સુધી જે વિપરીત અસરો થાય તેની સામે રાહત માટે આ ફંડ રચવામાં આવશે. હજી ક્યાં દેશો, કેટલી રકમ આ ફંડમાં મુકશે ક્યાં સુધીમાં મુકશે આ બધી વિગતો આવી રહી છે. પરંતુ ભૂલતા નહીં બહેનો કે આપણી સભ્ય બહેનો તો આવા નુકસાનને પોતે ભોગવે છે અને ભરપાઈ કરે છે. ઊભી થઈ પોતાના પગ પર આગેકદમ ચલાવે છે. કામદાર બહેનો રાહ નથી જોવી. તેમને રાહ જોવી પોસાય નહીં.

ઘણા બધા દેશોની માંગણી હતી કે તેલ, ગેસ અને કોલસાનું ઉત્પાદન અને વપરાશ ઓછા થવા જ જોઈએ. ગેસ આધારિત વિકાસ વાળી લો. આ મુદ્દે સંમત બધા દેશો હતા, પણ તેલ અને ગેસનું ઉત્પાદન ઓછું કરશે અને ક્યાં સુધીમાં તે મુદ્દે કોઈ નિશ્ચિત નિર્ણય ના લેવાયો.

સૂર્ય, પવન, રીન્યુએબલ એનર્જીનું ઉત્પાદન અને વપરાશ વધારવા ઉપર સૌ કોઈ સહમત થયા અને આ સહમતી પહેલાં આપણી બહેનો હવે દસ વર્ષથી સૂર્ય ઉર્જાનો વપરાશ કરતી થઈ છે.

ભારત દેશનું પણ પેવેલીયન હતું. આપણા વડાપ્રધાને પણ ઉદ્‌ઘાટન સમારોહમાં હાજરી આપી હતી. તેમના ઉદ્‌બોધનમાં ભારતે જે પ્રતિબદ્ધતા આપી છે ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો દેશ થવાનું અને આ શક્ય બને તે માટે ૨૦૩૦ સુધીમાં કઈ જાતના ફેરફારો કરીશું – તેને ફરીથી દોહરાવ્યું. આ માટે મિશન જીવન દેશે અપનાવ્યું છે. ભારત આ માટે "ગ્રીન ક્રેડીટ" યોજના ત્વરિત અમલમાં મુકશે. આ યોજનાની અસર – ફાયદા ઝડપથી વર્તાય તે માટે દેશમાં પોતાની આગવી કાર્બન બજાર ઉભી થશે. આ એક નવીન અભિગમ રહ્યો, અને આપણી બહેનો કાર્બન ક્રેડીટ સમજીને આગળ વધવા તૈયાર થઈ છે.

આ તમામની અસરો હેઠળ જે ગરીબ, શ્રમજીવી કામદારો પીસાય છે, તેમને કેન્દ્રમાં રાખી દેશોમાં ઉર્જાના

ઉત્પાદન અને વપરાશમાં ફેરફાર થાય તે ઉપર ચર્ચા ઘણી થઈ. ઉર્જાના ઉત્પાદનમાં ગરીબ બહેનોની રોજી વધારો. રોટી વધારો. કૌશલ્ય વધારો. બહેનો તૈયાર છે. રાષ્ટ્ર તૈયાર છે ? અર્થતંત્ર તૈયાર છે? પણ નક્કર કોઈ કમીટમેન્ટ નાં આવ્યું. કામદારો માટેનો સંઘર્ષ ઘણો લાંબો છે.

કોપ ૨૮માં ઈન્ટરનેશનલ ટ્રેડ યુનિયન કોન્ફડરેશનના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે સેવાએ ભાગ લીધો. આ ઉપરાંત, સેવામાંથી અન્ય પાંચ સભ્યો એ કોપ ૨૮માં ભાગ લીધો. સેવાની "સ્વચ્છ આકાશ ઝુંબેશ"ને જોરશોરથી રજૂ કરી. સેવાના નવી પેઢીના આગેવાન સંગીતાબેન રાઠોડે હરિયાળા ગામની રજૂઆત કરી. તો સેવાના આગેવાન જશીબેન પરમાર જે એશિયન ફાર્મર્સ એસોસીએશનના પ્રમુખ છે, તેમણે લગભગ ૧૦૦૦ સભ્યોની ઉપસ્થિતિમાં નાના સિમાંત ખેડૂતોને વાતાવરણના ફેરફારો સામે ટકી રહેવા ૩ મુખ્ય કઈ બાબતો ઉપર નીતિ ઘડાય તેની રજૂઆત કરી. તે પણ પોતાના મૌલિક અંગ્રેજીમાં કરી !

માય નેમ ઈઝ જસુમતીબેન પરમાર એન્ડ આઈ એમ એ સ્મોલ ફાર્મર ઈન ઈન્ડિયા. કલાઈમેટ શોકસ આર એડવર્સલિ ઈમ્પેક્ટીંગ માઈ ફાર્મિંગ એન્ડ ધેર ફોર માઈ લાઈફ. ધેર ફોર એમ અ ફાર્મર આઈ વોન્ટ થ્રી થીન્ગસ.

(૧) ફાર્મર્સ સુટ ઓન ધ એનટાયર એગ્રી વેલ્યુ ચેઈન્જ. ઓનરશીપ ઓફ ફારમર.

અવર સેવા હેઝ ડન ધેટ ફોર ટું હંડ્રેડ એન ફિફટી થાઉજંડ ફાર્મર્સ લાઈફ મી હેલ્પીંગ સેટપ અવર ઓન કંપની નેમડ 'રૂડી'.

(૨) એઝ અવર ફાઉન્ડર ઈલાબેન સેઈડ ધેર હેઝ અ નીડ ફોર ઈકોનોમી ફોર નરચરન્સ ધેટ સ્ટ્રેનધન્સ રોલ ઓફ ફાર્મર ઈન ઈકોનોમી એન્ડ નરચર્સ વર્કર્સ કમ્યુનીટી, એન ધ એન્વાયરમેન્ટ. નરચર ફાર્મર. ફાર્મર નરચરસ ફાર્મ.

(૩) વી કેન લીવ વિધાઉટ બ્રીઝીસ બટ નોટ વિધાઉટ ફૂડ. ધેર ફોર લોસ એન્ડ ડેમેજ ફંડ મસ્ટ હેવ ફૂડ, એઝ ધ ટોપ પ્રાયોરીટી ફૂડ ફર્સ્ટ.

"સેવા સંગઠન ઝિંદાબાદ !!" "હમ સબ એક હૈં !"

હજારો લોકોની સભાના સભાપતિએ કહ્યું કે, બેન તમે ત્રણ પગલામાં આખી દુનિયાને ત્રીસ વર્ષનો રસ્તો બતાવ્યો.

આ ઉપરાંત માનસીબેને આઈ.ટી.યુ.સી.ના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે ઉચ્ચ સ્તરીય મિનીસ્ટરીયલ સ્ટોક ટેકિંગમાં અસંગઠિત કામદારોને થતી અસરો અને તેની સામે ટકી રહેવાની માંગ અંગે રજૂઆત કરી. અસંગઠિત કામદારોને લીલી મૂડી, લીલી આવડત, લીલું કૌશલ્ય અને લીલી આવક વધારો. કામદાર બહેનો વગર લીલો રંગ ફીકો રહેશે તેમ સેવાનો અનુભવ છે.

તો ડૉ. રાજવીબેને અસંગઠિત ક્ષેત્રના કામદારોને સખત ગરમી (ગરમીના મોજા)થી શું શું અસરો થાય છે તથા સેવાએ આ માટેના જે વીમાને પ્રાયોગિક ધોરણે અજમાવી જોયા તેના પરિણામોની રજૂઆત કરી. ગરીબ કામદાર બહેનોના જીવનના જોખમને ભાગમાં લો.

વિશ્વ બેંક દ્વારા યોજાયેલ સેશનમાં 'સેવા'ની "સ્વચ્છ આકાશ ઝુંબેશ" – "હરિયાળું ગામ" – જેમાં ગામમાં બહેનોની આગેવાની હેઠળ પ્રત્યેક ઘરનું ઊર્જા આયોજન અને બજેટીંગ કરવામાં આવે છે. આને ગ્રામ સ્તરે સમગ્ર ગામની ઉર્જાની જરૂરિયાત તારવી, દરેકની યથાશક્તિ ચોખ્ખી ઉર્જા ઉત્પન્ન થાય/વપરાય તે મુજબ બાયોગેસ, શીતળ છાપરા, પ્રીસીસન સોલર પંપ, સોલર ટ્રેપ લાઈટ, કુદરતી ખેતી, પ્લાન્ટેશન, ઈ-વાહન વિગેરે ઘેર-ઘેર અપનાવવામાં આવે છે. ગામના ૬૦% ઘરો અપનાવે તે ગામને "હરિયાળું ગામ" કહીએ છીએ. આ કામમાં રોજગારી પણ ઉભી થાય છે –કલાયમેટ એન્ટરપ્રિનીયર્સ બને છે. આપણા ભારત સરકાર દ્વારા જે ગ્રીન ક્રેડીટની જાહેરાત કરવામાં આવી, તે આ કલાયમેટ એન્ટરપ્રિનીયર્સ ગામ ગામ–ઘેર ઘેર પહોંચાડી શકે છે. આપણા ગરીબ કામદાર, ખેડૂત, મજૂર બહેનો ગામે ગામે તૈયાર છે. ગ્રીન ક્રેડીટ તૈયાર છે ? યોજના તૈયાર છે ?

ગામડાની બહેનોને જોડવાથી ચોખ્ખી ઉર્જાનો વપરાશ વધે છે અને વાતાવરણના આકરા ફેરફાર સામે ટકી રહેવાની ક્ષમતા વધે છે તેવો સેવાનો અનુભવ છે.

વાતાવરણના ફેરફાર એટલા વેગે વધે છે કે એડપ્શન–મીટીગેશનને સાથે જ વાતાવરણના આકરા ફેરફાર સામે ટકી રહેવા ઉપર ભાર આપવો અનિવાર્ય છે. એટલે જ ગરીબ શ્રમજીવી બહેનો માટે ખાસ ક્લાયમેન્ટ રિસાયલન્સ ફંડ ઊભું કરવાની તાતી જરૂર છે. "હરિયાળા કામ માટે હરિયાળી મૂડી"ની જશીબેને માંગ કરી પેનલ પર પેનલ ગજાવી.

કોપ ૨૮માં થયેલ બધા કમીટમેન્ટ તો આગળ જાય કે કેમ, સેવાના ૨૫ લાખ શ્રમજીવી કામદાર સભ્યો તો "સ્વચ્છ આકાશ ઝુંબેશ"ને આગળ ધપાવવા કટિબદ્ધ છે. પાછા ફરતાં વિમાનમાં જ અમલના ચાર મુદ્દા ટપકાવી લીધાં.

એટલે જ દુબઈમાં દરરોજ દરેક સેશનમાં જ્યાં સેવાના પ્રતિનિધિ હાજર હતા ત્યાં અમે ગાતા હતા ''અમે પાર કરીશું...'' ગાયું અને ગજવ્યું. હરિયાળી દુનિયા તો ગરીબ કામદાર બહેનો જ રચશે.

**- રીમા**

❑

**સેવા ઉત્તરપ્રદેશનો પત્રઃ**

**દારુને કારણે તૂટતાં રોજી, રોટી, ઘર, પરિવાર !**

આંકડા અનુસાર ઉત્તરપ્રદેશમાં દારુનું વેચાણ લગભગ ૭૦% છે ઉત્તરપ્રદેશમાં દારૂબંધીનો કાયદો નથી. દવાની દુકાનની જેમ ચૌરે ચૌરે દારૂની દુકાનો છે.

દારૂના કારણે વ્યસનથી હિંસા અને બચતની બરબાદી એ મુખ્ય કારણો છે. પહેલાં જોવામાં આવ્યું છે બહેનો જેટલી આવક થતી હોય તે બધી ઘરનો પુરુષ દારૂમાં ખર્ચી નાંખે છે. ઘરમાં ખાવાનું ના બને, શાળાની ફી ન ભરાય, ઉત્પાદનના સાધન ન મળે, બિમારીમાં દવા પણ લાવી નથી શકાતી પરંતુ દારુ માટે પૈસા જોઈએ એટલે જોઈએ!

આપણી બહેનોના બાળકો પણ ઘરમાં ઉપેક્ષાનો ભોગ બને છે. બાળકોનું ભણતર પણ છૂટી જાય છે. સ્કૂલમાં જાય તો માનસિક રીતે ડરીને રહે છે. સારી રીતે ભણી શકતા નથી. ઘણીવાર પૈસાની તંગીના કારણે બાળકો નાની ઉંમરમાં સાયકલ પંચર, જરદોશી, ચીકનકારી, શાકભાજી-ફળોના થેલા માથે ઉઠાવવા વગેરે જેવા કામો કરતાં હોય છે. દારૂ બાળમજૂરી વધારે છે. જયારે બહેનોના ઘરમાં દારૂના કારણે ઝઘડા થતા હોય ત્યારે તેમના બાળકોના મગજ ઉપર ખરાબ અસર થતી હોય છે.

સ્વાસ્થ્ય ઉપર પણ અસર થાય છે. દારૂ પીનારા વધુ માંદા પડે છે. વારંવાર માંદા પડે છે. લાંબા સમય માટે માંદા પડે છે. દારુનું વ્યસન ઘણી બધી બિમારીનું કારણ બને છે. જેના લીધે આખા કુટુંબને ભોગવવું પડે છે. નોકરી ગુમાવવી પડે છે. પૈસાની તંગી પડે છે.

દારૂના વ્યસનથી શારીરિક, માનસિક અને ભાવનાત્મક લાગણીઓને પણ ઠેસ પહોંચે છે. ગુસ્સો વધુ આવે. મારામારી કરવા મન થાય.

સેવા ઉત્તરપ્રદેશના સભ્ય બેન પપ્પીબહેન ચીકનકારી કરતાં. તેમના જીવન વિષે વાત કરતાં જણાવે છે કે, લગ્ન પહેલાં ઘરે ભણવાની સાથે-સાથે રસોઈનું કામ પણ કરતી હતી. સ્નાતક થયાં સાથે તેમણે લાયબ્રેરીયન ડીપ્લોમાં પણ કર્યું.

જયારે તે ૨૦ વર્ષના હતા ત્યારે તેમના લગ્ન થઇ ગયા. તેમના પતિ દારુ અને તમાકુના વ્યસની હતા. આ કારણથી તેમના ઘરમાં રોજે રોજ ઝઘડા થતા હતા. ક્યારેક ક્યારેક તો તેમના પતિ તેમને મારઝૂડ પણ કરતાં હતાં. બંધ બારણે મારે. પછી તો જાહેરમાં હાથ ઉપાડે. પૈસાની તંગી પણ પડવા લાગી. ઘરનો માહોલ ખરાબ રહેવા લાગ્યો જેના લીધે માનસિક તણાવ અને શારીરિક તકલીફોનો સામનો કરવો પડ્યો. લગ્ન પછી તરત એક માસુમ દીકરીનો જન્મ થયો પરંતુ તેનાથી પણ તેમના પતિમાં કોઈ બદલાવ આવ્યો નહીં. દારૂ પહેલો. દીકરી બીજી. એક દિવસ પતિ દારુના નશામાં બાઈક ચાલવી ઘરે પાછા આવતાં હતાં ત્યારે રસ્તામાં એક દુર્ઘટનામાં તેમનું મૃત્યુ થયું. ત્યારે પપ્પીબેનની ઉંમર માત્ર ૨૩ વર્ષ અને તેમની દીકરી ૧ વર્ષ અને ૩ મહિનાની હતી. દારૂ દારૂપીનારને ઉઠાવી ગયો.

પતિના મૃત્યુ બાદ પપ્પીબહેનને ઘણો સંઘર્ષ કરવો પડ્યો. તે પોતાના પિયરમાં પાછા આવી ગયા કારણ કે, તેમની આર્થિક પરિસ્થિતિ સાવ નબળી હતી. તેમના પિયરવાળા ઇચ્છતા હતા કે, તેઓ સાસરીમાં જ રહે. સાસરીમાં અને પિયરથી કોઈ આર્થિક મદદ મળતી નહોતી. બચત બધી દારૂમાં ગઈ. પપ્પીબેને ચીકનકારીનું કામ કરવાન શરુ કર્યું. જેનાથી તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થઇ શકે. આજે તેમની દીકરી ૬ વર્ષની છે અને તેમની સાસુ ઇચ્છે છે કે તેમની પૌત્રી એકલી તેમની સાથે રહે, એટલા માટે કે પોતાના ઘરમાં કોઇ નોકરની જરૂર ના પડે અને આ છોકરીથી ઘરનું કામ કરાવે અને વહુને સંપત્તિમાંથી કોઇ ભાગ આપવો ના પડે માટે.

પપ્પીબહેને જણાવ્યું કે, ૨૦૧૯માં સેવા ઉત્તરપ્રદેશ દ્વારા સર્વે થયો ત્યારે હું સેવાના સંપર્કમાં આવી.

હું જે ચીકનકારીનું કામ કરું છું તેના વિશે પણ કહ્યું. મને સંગઠનની માહિતી અગત્યની લાગી અને હું તરત જ સેવાની સભ્ય બની ગઇ. પછી મેં સેવામાં તાલીમ લીધી અને મને માસ્ટર ટ્રેનર માટે તૈયાર કરી. આજે મારે સેવા સાથે જોડાયા ૪ વર્ષ થઇ ગયા. આજે હું નિડર બની છું, મારો આત્મવિશ્વાસ વધ્યો છે અને મારું મનોબળ પણ વધ્યું છે. સેવા સંગઠન સાથે જોડાવાથી મારા જીવનમાં ઘણો બદલાવ આવ્યો છે. આના પહેલાં હું માત્ર ઘરથી કૉલેજ અને કૉલેજથી ઘરે આવ-જા કરતી હતી પણ જ્યારથી સેવામાં જોડાઈને મારી હિંમત વધી છે. આજે હું આત્મનિર્ભર છું. સેવા સંગઠન સાથે જોડાઇને અમે દારુની ઘણી દુકાનો બંધ કરાવી છે. શાળાની ગલીમાં દારૂ નહીં. દવાખાનાની ગલીમાં દારૂ નહીં. મંદીરની ગલીમાં દારૂ નહીં. મસ્જીદની ગલીમાં દારૂ નહીં. આવી અમારી માંગ છે. ખૂબ સંઘર્ષ રહ્યો છે મજુર વિસ્તારોમાં ચાલતી આ દુકાનો બંધ કરાવવામાં. પણ, અમે ડગ્યા નથી. દારૂથી થતી સરકારી આવક અંતે તો ગરીબ કામદાર બહેનોની મહેનતની આવક છે.

❑

**દારૂબંધી માટે શું કરવું.**

- બહેનોએ જાતે જ શિક્ષણ મેળવી એકબીજાને મદદ કરવી જોઈએ. જેથી પોતાના સમાજની સાથે મળીને આર્થિક, માનસિક અને કાયદાકીય મદદ માટે લડી શકે.
- બહેનોને દારૂના વ્યસનોના કારણે પડતી મુશ્કેલીઓ સામે જાગૃત કરવા જોઈએ. તેના માટે જાહેર શિબિરો, શિક્ષણ તેમજ શૈક્ષિણક જાગૃતતા અભિયાનનું આયોજન કરવું જોઈએ.
- બહેનોનું સમર્થન કરવા અને સુરક્ષા અપાવવા માટે સરકારી અને સંસ્થાઓના સંગઠનો દ્વારા સામાજિક રચના વધારવી જોઈએ. આમાં કાયદાકીય સલાહ કેન્દ્રો, સામાજિક કાર્યકર્તાઓ તેમજ આવાસ યોજનાઓને સામેલ કરવી જોઈએ.
- બહેનો આર્થિક સગવડો મેળવી શકે તેના માટે કૌશલ્ય તાલીમોની યોજનાઓ ઊભી કરવી જોઈએ. જેનાથી બહેનોને વ્યક્તિગત અને પારિવારિક જીવનને સુધારવા માટે સંસાધનોનો ઉપયોગ થવો જોઈએ.

**- નમ્રતા સોલંકી**

## બાળકોનો બાળમેળો : શાંતિપથ પર

સેવાની વાર્ષિક સાધારણ સભામાં આગેવાનોએ સેવાના દસ સવાલોમાં શિક્ષણને ઉમેરવાની ચર્ચા કરી. આટલા વર્ષોમાં સભ્ય બહેનોની અને તેમના બાળકોની વાત ખૂબ જ સાફ રીતે સંગઠનમાં આવે છે, તે એ કે, પોતાનાં બાળકો ભણે. આપણે જોઈએ છીએ કે, આ ગરીબ શ્રમજીવીઓના બાળકોનો સ્કૂલ છોડી દેવાનો આંક ખૂબ ઊંચો છે. વિવિધ કારણોથી શાળાના શિક્ષણમાંથી ખરી પડે છે. કારણ એ જ કે, માં-બાપ ભણેલાં ના હોય અને બાળકોને ભણવામાં જે પ્રશ્નો આવે તેને કોણ હલ કરે ? ત્યારે સંગઠને નક્કી કર્યું કે, આપણા બાળકોને ભણતરની મુશ્કેલીઓ આવે છે તે દૂર કરવા વિસ્તારોમાં જ ''જ્ઞાન કેન્દ્રો'' શરુ કરવા.

આ ''જ્ઞાન કેન્દ્રો'' પહેલાં ધોરણથી દસમા ધોરણ સુધીનાં થયાં. અહીં, જ્ઞાન કેન્દ્રમાં ભણવાની સાથે-સાથે કમ્પ્યુટર લેબ, સ્પોકન ઈંગ્લીશ ક્લાસ, વાંચન માટેની લાઈબ્રેરી એક પછી એક ઊમેરાઈને બન્યા છે. અહીં ભણતાં બાળકોને ભણાવવા સ્થાનિક વિસ્તારની શ્રમજીવીઓની ભણેલી-દીકરીઓ અને વહુઓ જ બધું જ ભણાવે. સમાજ સમાજની નવી પેઢીને ભણાવે છે. ક્યારેક કોણ કોને ભણાવે છે તે ખબર નથી પડતી.

આવા ૧૧ જ્ઞાન કેન્દ્રોના બાળકોએ નક્કી કર્યું કે, અમે અમારો 'બાળમેળો' યોજીએ. નામ આપ્યું 'જલસા બાળમેળો-૨'.

મેળાના સ્થળથી લઈને ગોઠવણની સંપૂર્ણ જવાબદારી બાળકોની. પ્રસંગ તો તેમનો જ. આયોજન તેમનું. બાળમેળાનું નામ 'જલસા'. આ વર્ષે જલસા-૨, સરસપુરના અમૃતલાલ મંગળદાસના ખુલ્લા બગીચામાં મનાવાયો. ૫૮૫ બાળકો અને તેમના વાલીઓએ આ પુરા દિવસની મોજ માણી.

મેળાને શણગાર્યો પણ આમાં ફૂલો કે પ્લાસ્ટિકના ડેકોરેશન ક્યાંય નજરે ના પડે ! સુંદરતા વેચાતી ન લાવ્યા. જાતે સુંદરતા પ્રગટાવી પરસ્પર.

**બાળમેળાની એ ઝલક જોઈએ!**



**બાળમેળામાં દિપ પ્રાગટય કરતાં કારોબારી રાજીબહેન, મનાલીબહેન અને શાંતિપથ કેન્દ્રોના નાના ભૂલકાઓ**

દીપપ્રાગટ્યમાં જ્ઞાનકેન્દ્રના બાળકો, મનાલીબહેન અને રાજીબહેને કર્યું. ૩ થી ૫ વર્ષના જે નાના બાળકો છે તેઓ ફેશન શોમાં નવા કપડા પહેરી લચક... મચક... નાનકડી પગલી પાડતા ઠુંમકા મારીને સ્ટેજ પર ચાલતા આવ્યા.

ફેશન બીજા ડીઝાઈનરનો માલ વેચવા નહીં. પોતાને ગમતાં પોતાને ગમે તેમ વટ સાથે ગૌરવથી પહેરવા.



**સ્ટેજ પર ભૂલકાઓનો ફેશન-શો**

વળી અનુકરણ ન કરવું. મૌલિકતા રાખવી. આ ફેશન શોમાં બાળકો નાની મોટી કવિતાઓ જેવી કે, સાયકલ મારી સરરર... જાય, એક બિલાડી જાડી.. જેવી કવિતાઓના તાલે

સ્ટેજ પર આવવા લાગ્યા. જ્ઞાનકેન્દ્ર, બાળકોમાં શિક્ષણનું જ નહિ પણ મૂલ્યોનું પણ વાવેતર કરે છે. એક તું હી ભરોસા..., ઈશ્વર... એ અલ્લાહ ગીતની રજૂઆત ઈદગા જ્ઞાનકેન્દ્રોના બાળકોએ કરી. ઈશ્વરને યાદ કર્યા. પ્રભુને યાદ કર્યા. ભારતમાતાને યાદ કર્યા. ગાંધીજીને યાદ કર્યા.



**ઠુંમકા અને ગીતના લય-તાલ સાથે ઝૂમતી જ્ઞાનકેન્દ્રની કિશોરીઓ**

બાળકો અવનવા ગીતોની રજૂઆત સાથે બાળમેળામાં ૧ મીનીટમાં રમવાની રમતોનું આકર્ષણ પણ હતું. ખેલો ઝટપટ... ભરો બેગ ફટફટ...માં તો બાળકો રમતા ગયા અને ઈનામો પણ જીતતા ગયા. થોડા સમયમાં વધુ કામ ભૂલ વગર કેમ પતાવવું તે શિખ્યા.

હીરા, બાપુનગર સેવા જ્ઞાન કેન્દ્રમાં ભણે છે. તેમની માતા ઘરખાતા સિલાઈ કામ કરે છે. આ બાળમેળામાં પોતાની વાત કરતાં તેમના મોઢા ઉપર બાળમેળાનો આનંદ દેખાતો હતો, તે કહે કે, ''મારું નામ હીરા છે. મારી માતા સિલાઈકામ કરે છે. હું છેલ્લા ૨ વર્ષથી બાપુનગર સેવા જ્ઞાન કેન્દ્રમાં ભણવા આવું છું. આ મારા માટે બીજો બાળમેળાનો અનુભવ છે.''



**બાળમેળામાં મજા જ મજા...**

હીરા ઉમેરે છે કે, ''અમે જયારે બાળમેળામાં પહોચ્યા, ત્યારે અમને સિસોટી, પીપુડા અને સાબુના પરપોટા કરવાનું મળ્યું. અમે બધા તો એ પીપુડાના અવાજમાં જ ખોવાઈ ગયા હતા. સાથે સાથે આ સમયે તો મારી સાથે એક દીદી પણ હતા જે મને આખા મેળામાં સાથે રહીને ફેરવતા હતા અને મઝા કરાવતા હતા. કોઈ પણ કાઉન્ટર રહી ના જાય ! અમને ગીફ્ટમાં સરસ મજાની પાણીની બોટલ મળી હતી. મેં અને મારા મિત્રો એ સ્ટેજ પર ''પ્લાસ્ટીકનો બહિષ્કાર'' ગીત ઉપર ડાન્સ પણ કર્યો. પછી અમે બધા જમવા ગયા. જમવામાં ઈડલી, ઢોસા, જામફળ, પાપડ, બટેકા જેવી બહુ બધી વાનગીઓ હતી. અને હા, આ વાનગીઓના સ્ટોલ પણ, સેવાના વેચનાર સભ્યોનાં જ હતા. અમારા જ મા, માસી, કાકી, બહેન અને પડોશી ! ચકડોળમાં બેઠા, હોડીમાં બેઠા જંપીંગમાં બેઠા. પછી એક મિનિટની રમતો રમી, આ રમતોમાં તો જીતી જીતીને ઇનામોથી મેં મારી બેગ ભરી લીધી. અરે, સાથે સાથે બુધ્ધિના બાલ (શુગર કેન્ડી) ખાવાની તો એવી મઝા આવી કે બસ ખાધા જ કરું. ત્યાં અવનવા કપડાં પહેરીને શાંતા ક્લોઝ અને ડોરેમોન પણ આવ્યા હતા, એ એમના થેલામાંથી ચોકલેટ આપતા અને અમારી સાથે નાચતા હતા. સૌ બાળકો સાથે રમી. મેં તો એ ડોરેમોન સાથે બહુ ફોટા પડાવ્યા. પછી કોથળા દોડ રમ્યા, લીંબુ ચમચી રમી. પછી બહુ બધા ડાન્સ પર્ફોર્મન્સ જોયા. પછી અમે આઈસક્રીમ, કોન અને ફૂડ પેકેટ પણ ખાધા.''

આમ, સાંતાક્લોઝ અને ડોરેમોન તો બાળકો સાથે આખો દિવસ રમ્યા અને તેમની સાથે બહુ મોજ માણી. ચારેકોર આનંદ. જાણે સમાજ શાંતિ તરફ આ બાળકો સાથે જ આગળ વધશે.

વળી, જમ્પીંગ અને ટેમ્પોલીંગ પણ હતાં. લાઈનો તો એમાંય કંઈ ઓછી નહિ. શિસ્ત રાખી. સંયમ રાખ્યો. ઉત્સાહ સાથે. જમ્પિંગ અને ટેમ્પોલિંગવાળા ભાઈને પણ થયું કે આ સાધનો મારા સલામત રહેશે ને ? બાળકો તો બહાર આવવાનું નામ પણ ના લે. ચગડોળ, બોટ અને દરેક જગ્યાએ બાળકોની લાઈનો. મારો વારો ! મારો વારો ! એકવાર ફરી બેસુની બૂમાબૂમે વાતાવરણને ભરી દીધું. બાળકોમાં આનંદ. માતાપિતાના મનમાં શાંતિ.

સવારે ૧૧ વાગ્યે શરૂ થયેલો અને બાળકોથી ઉભરાતા આ બાળમેળામાં સાંજે ૭:૦૦ ક્યાં વાગ્યા એ ખબરે ના પડી. ઉત્સાહ આનંદમાં અને આનંદ શાંતિમાં ક્યારે પલટાઈ ગયો તે સમજ ન પડી.

વિવિધ ધર્મો, વ્યવસાય, વિસ્તાર, જાતિ, જ્ઞાતિ, આવક અને મિલકતવાળી સેવાની બહેનોના બાળકો એક થઈ આનંદ કરતા હતા.

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

૧૦૯, સાકાર-૨, પહેલો માળ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૮ ૧૫૯૭, ૨૬૫૮ ૧૬૫૨
ઇ-મેલ : mail@sewabank.com • વેબસાઇટ : www.sewabank.com

## ઉધમી મહિલાઓ

## આપના ધંધાને નવી ઉંચાઇએ પહોંચાડો
## સેવા બેંકની નવી લોન યોજના સાથે જોડાવો







- તમારી સંપત્તી બનાવો
- યોગ્ય રીતે બચત કરો
- વિમા સાથે જોડાવો



તમારી વિવિધ વ્યવસાયિક જરૂરીયાતો માટે ૫ લાખ સુધીની લોન મેળવો



એક કુશળ વ્યવસાયિક ઉધમી મહિલા બનો

**આવો... સાથે મળીને આપનો અને આપના ધંધાનો વિકાસ કરીએ**



રાઈડસ્‌ની મજા માણતા બાળકો

આ જલસા બાળમેળામાં ખાસ તો એ જ હતું કે, દરેક બાળકની તેમના કેન્દ્ર પર બનાવેલ વસ્તુઓ, શીખેલ દરેક વસ્તુને પ્રદર્શનમાં મૂકી જેનાથી બગીચો રંગ-રંગીન હતો. બાળકો આ જોતા અને તેમના માં-બાપને કહેતાં, જુઓ આ મેં બનાવ્યું છે. કેવું છે ? બાળકોની આ બનાવટો અને તેમનો સ્ટેજ પ્રેમ તેમને અંગ્રેજીમાં બોલતાં અને નાચતા જોઈ તેમના માં-બાપના ચહેરા પર આનંદ અને ગૌરવ દેખાતું હતું. પરમ શાંતિ.

સેવાના સભ્ય ભારતીબેનનો દીકરો વનરાજ, તે સેવાના ગોમતીપુરના જ્ઞાનકેન્દ્રના બાળકો સાથે અભ્યાસ કરે છે.

ભારતીબેન બાળમેળામાં વાલી તરીકે આવ્યા હતાં તે કહે કે; ‘‘અમે છૂટક મજૂરી કરીએ છીએ. અમે અમારા બાળકો પર એટલું ધ્યાન નથી આપી શકતા. વનરાજ મેળામાં જઈને આવ્યા પછી બહુ ખુશ હતો. મારા બાળકને ખુશ જોઈને હું પણ ખુશ થઈ. અમારા બાળકો બહારની વસ્તુઓ જુએ, દુનિયા જુએ જે આ મેળામાંથી મળી. મને હવે એટલી ખુશી છે કે, મારો વનરાજ હવે મારી સેવા સંગઠનનો ભાગ છે. અને સેવા દ્વારા તેનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. હું તો તેના માટે સમય કાઢી શકતી ન હતી. પણ જ્ઞાનકેન્દ્રના શિક્ષકો અને બહેનો બધું જ ધ્યાન રાખે છે. સેવાના મૂલ્યો સેવાની બહેનો પૂરતા મર્યાદિત નથી રાખવા, પરિવારમાં લઈ જઈએ છીએ, નવી પેઢી સુધી લઈ જઈએ છીએ.’’

મેળામાં સજાવટમાં, બગીચાના વૃક્ષોને વ્યાકરણ વૃક્ષો બનાવ્યા. ગુજરાતી, અંગ્રેજીના વ્યાકરણ વૃક્ષો એ પણ એમાં જમાવટનું સ્થાન મેળવ્યું.

લિંબુ ચમચી, કોથળા દોડ, સતોડીયું જેવી વિસરાયેલી રમતો પણ બાળમેળામાં બાળકો રમતાં હતા. મોબાઈલ ગેમના જમાનામાં સાચી અને પ્રત્યક્ષ રમતો રમાઈ. એક નહિ પણ અનેક પ્રવૃત્તિઓ અને અઢળક રમતો સાથે ખાવાપીવાથી આ બાળમેળો બાળકો અને વાલીઓ માટે સ્મરણ બની ગયું.

અને છેલ્લે તો, સાત વાગ્યે પાછા ઘરે તો જવું પડશે ને ? ઘરે ના જ જઈએ તો ? આ મેળો કાયમનો ના હોય ? ને ક્યાંક બાળ મેળો પૂરો થતા મારી આંખો ખુશીથી ભીની પણ થઈ. મારું મન શાંતિથી ભરાઈ ગયું. ઈલાબહેનને યાદ કરતાં લાગ્યું કે, આનંદ કરતાં બાળકો જ પરમ શાંતિ નથી ?

- પૃથા

❑

## સેવા સમાચાર

તાજેતરમાં એક ઓનલાઇન કાર્યક્રમનું આયોજન સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સત્રનું સંચાલન સેવાના બેનોએ કર્યુ હતું. જેનો વિષય હતો, ‘‘ગ્રામિણ મહિલાઓના આર્થિક વિકાસમાં ‘સેવા’નું યોગદાન’’.

આ કાર્યક્રમમાં પ્રોફેસરો,‘ વિદ્યાર્થીઓ અને સ્કોર્લર મળીને ૪૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ બધાં અંગ્રેજી, હિન્દી ભાષા જાણતા હતા. અમને હતું કે, આ કાર્યક્રમ અમારે ગુજરાતીમાં કરવાનો હશે એટલે થોડી અસમંજસમાં હતા. ત્યારબાદ તળપદા વક્તા બહેનોનો પરિચય સેવાનો પરિચય અને સેવાના ૧૧ સવાલો વિશે રજૂઆત કરી. દરમ્યાન દ્રશ્ય સ્ત્રાવ રજૂઆતમાં વિડીયો બતાવી વળી, સેવાના સોસિયલ એન્ટરપ્રાઈઝ ‘કમલા’, ‘હરખી’, ‘ગીતાંજલી’ અને ‘હંસીબા’ વિશે છણાવટ સાથે રજૂઆત કરતાં સેવાના પ્રમુખ કપિલાબહેને કરી. આ ઘણું જ જીવંત રહ્યું. અમારી વાત અમારો પહેરવેશ અમારો સંદેશ બની રહ્યાં.

વૈશાલીબહેન મકવાણાએ જણાવ્યું કે, કામદાર બેનોના ઉત્ત્થાનનું ઉમદા કામ સેવાએ કર્યુ છે.

❑

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.**

**Ahmedabad P.S.O.**
**22-12-23**

**અનસૂયા**

- ૪૧માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-12-23**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001